# સુરત મહાનગર પાલિકા

**ડૉ. એસ. જે. ગૌતમ**

ગાર્ડન સુપ્રિન્ટેન્ડન્ટ

જાહેર બાગ બગીચા ખાતુ
ગાંધીબાગ, ચોકબજાર, સુરત.
ફોન : (ઓફિસ) ૨૪૭૩૬૩૩
ફેક્ષ : (૦૨૬૧) ૨૪૫૧૯૩૫/ ૨૪૨૨૧૧૦


(૧) અપીલ અરજી નં.પી.પી.જી./ઈ.નં./૭૫૨, તા.૩૦/૦૫/૧૮

પ્રતિ,
અપીલ અધિકારીશ્રી (જમીન મિલકત વિભાગ, મધ્યસ્થ કચેરી)
સુરત મહાનગરપાલિકા
સુરત.

અરજદાર:– શ્રી શહેબાઝ પઠાણ
સામાવાળાઃ– ડે.ગાર્ડન સુપ્રિટેન્ડન્ટ અને જાહેર માહિતી અધિકારી શ્રી, જાહેર બાગબગીચા ખાતુ

ફરીયાદની હકીકત :– આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી શહેબાઝ પઠાણની અરજી થી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી સમયસર ન મળવા બાબત.

સંદર્ભ : – (૧) આઈ.ડી.નં.૧૧૫, તા.૧૧/૦૪/૧૮ (૩૦૦/૩૪૬૩૮)
(૨) પત્ર પી.પી.જી./ઈ.નં./૭૫૨, તા.૩૦/૦૫/૧૮. (૨૦૧૮૩૦૦૦૦૮૮)
(૩) પી.પી.જી./આ.વ.નં./૬૫૫, તા.૦૪/૦૬/૧૮
(૪) પી.પી.જી./આ.વ.નં./૬૭૩, તા.૦૭/૦૬/૧૮.

શ્રી શહેબાઝ પઠાણની આર.ટી.આઈ.એકટ હેઠળ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી તરફથી સમયસર માહિતી ન મળવાથી નારાજ હોય, માહિતી અધિનિયમની જોગવાઈ મુજબ અપીલ અધિકારીને અરજી કરતા તા.૧૧/૦૬/૧૮ ના રોજ રાખવામાં આવેલ સુનવણીમાં ચર્ચા થયા મુજબ નીચે જણાવ્યા મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની અપીલ અરજી તેમજ રૂબરૂ સુનવણી દરમ્યાન થયેલ રજુઆત અન્વયે જાહેર માહિતી અધિકારીને ટ્રાન્સફર થઈ અરજી ન મળવાથી અરજદારને માહિતી આપી શકાયેલ ન હતી અરજદાર ધ્વારા અપીલ કરતા જાહેર માહિતી અધિકારીએ મુળ અરજી ન મળવા બાબત સીવીક સેન્ટ્રર ધ્વારા ગાર્ડન વિભાગને ટ્રાન્સફર કરવામાં આવેલ છે પરંતુ મુળ અરજી ઈનવર્ડ થઈ જાહેર માહિતી અધિકારીને મળેલ નથી. પરંતુ અપીલ અરજી મળ્યેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદાર ધ્વારા માગેલ માહિતી અંતર્ગત સુ.મ.પા.ના અન્ય વિભાગને લાગુ પડતી માહિતી માટે અપીલ અરજી ટ્રાન્સફર કરેલ છે. તેમજ વહીવટી શરતચૂકથી મુળ અરજી ગુમ થયેલ હોય અરજદારને માંગેલ માહિતી ઉપલબ્ધ રેકર્ડ મુજબ પાના નંગ–૨ ના પ્રતિ પાના ના રૂા.૨/– કુલ રૂા.૪/– સેન્ટ્રલ ઝોનના નાગરીક સુવિધા કેન્દ્ર ખાતે ભરપાઈ કરી રસીદ અત્રેની જાહેર બાગ બગીચાખાતા, ગાંધીબાગ, ચોક બજાર ખાતેની કચેરીએ રજુ કરવાનું આપને જણાવવામાં આવે છે. જે મળ્યેથી તમારી અરજી સંદર્ભે નકલ આપવામાં આવશે. ગાર્ડન વિભાગની રેકર્ડ મુજબ ઉપલબ્ધ માહિતી નીચે મુજબ છે.

૧. સુ.મ.પા. ધ્વારા છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ વૃક્ષ ખરીદીની વિગત અને ફાળવણી પરિશિષ્ટ–મુજબ છે.

| વર્ષ / વિગત | ૨૦૧૬–૧૭ | | ૨૦૧૭–૧૮ | |
|---|---|---|---|---|
| ફાળવણી રૂા. | જોગવાઈ રૂા. | ખરીદી ખર્ચ રૂા. | જોગવાઈ રૂા. | ખરીદી ખર્ચ રૂા. |
| વૃક્ષોના રોપા ખરીદી ખર્ચરૂા. | 1,75,00000.00 | 1,20,71,243.00 | 1,75,00000.00 | 1,06,58,076.00 |

૨. સુ.મ.પા.ના આઈલેન્ડ પર લગાવવામાં આવેલ કુંડાની છેલ્લા ૨ વર્ષ દરમ્યાન ખરીદ કરવામાં આવેલ પોલીપ્રોપલીન બાઉલ પ્લાન્ટર સંખ્યા અને નંગ દિઠ કુંડાની વિગત પરિશિષ્ટ – અ મુજબ છે.

| વર્ષ / વિગત | ૨૦૧૬–૧૭ | ૨૦૧૭–૧૮ |
|---|---|---|
| કુંડાદીઠ કિંમત રૂા | 140 | 195.60 |
| કુંડા ખરીદી સંખ્યા | 2000 | 1000 |

ઉપરોકત વિગતે જણાવેલ માહિતી અરજદારને આપી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

પી.પી.જી./આ.વ./નં.
તા.૧૧/૦૬/૧૮

અપીલ અધિકારી અને
ગાર્ડન સુપ્રિટેન્ડેન્ટ
જાહેર બાગ બગીચા ખાતુ

**ન.૨. :**
**પ્રતિ,**
શ્રી શેહબાઝ પઠાણ(જર્નાલિસ્ટ)